# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૨ તા.૫-૧૨-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- આધારકાર્ડ બાબતે.

આથી મ્યુનિ. શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની તમામ શાળાઓના વિદ્યાર્થીઓના આધારકાર્ડની કામગીરી પાર્શ્વનાથ એજન્સીને આપવામાં આવેલ છે. સરકારશ્રીની સૂચના મુજબ આપની શાળામાં અભ્યાસ કરતાં ૫ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના જ આધારકાર્ડ આપની શાળામાં આવતા ઓપરેટરશ્રી દ્વારા કઢાવવાના રહેશે. શાળાના કોઇ શિક્ષક કે મુખ્ય શિક્ષકે પણ આપની શાળામાં આવેલ ઓપરેટર પાસે આધારકાર્ડ કઢાવવાના નથી. શિક્ષક તેમજ મુખ્ય શિક્ષકે પોતાના આધારકાર્ડ ન કઢાવ્યા હોય તો અન્ય સ્થળેથી કઢાવી લેવાના રહેશે. આ ઉપરાંત જે શાળામાં આધારકાર્ડની કીટ હોય તે શાળાના મુખ્ય શિક્ષકે શાળા બંધ થતા પહેલાં કીટ પોતાની કસ્ટડીમાં જમા લેવાની રહેશે. આધારકાર્ડ બાબતે આપની શાળામાં કીટ હશે અને કોઇ ગેરરિતી થશે તેની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

તા.૫-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી